بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَأَقِيمُوا۟ ٱلصَّلَوٰةَ وَءَاتُوا۟ ٱلزَّكَوٰةَ

# ઝકાત અને હુકૂક

## શરીઅત મુતાબિક અદા કેમ કરવું

શેહરે રમઝાનુલ મોઅઝ્ઝમ ૧૪૩૭ હિ.

## સવાબ અને અહમ્મીયત

નમાઝ, રોઝા અને હજ ની મિસલ ઝકાત ઇસ્લામ ના સાત દઆઈમ માં સી એક અહમ દેઆમત છે. ઝકાત ખુદા નો હક્ક છે. અલ્લાહ તઆલા કુરાને મજીદ માં ૧૩ જગહ મુમીનીનને નમાઝ પઢવા નું અને ઝકાત અદા કરવા નુંફરમાન કીધું છે. (સુરતુલ બકરા : આયત ૪૩)

હર મુમિન પર વાજિબ છે કે વરસ માં એક વાર ઝકાત અદા કરે. દોઆત કીરામ એ મુમીનીન નું સવાબ ગુનાગુન થાય તે ખાતિર શેહરે રમઝાન માં ઝકાત અદા કરવા ઈર્શાદ ફરમાયું છે.

કુરાન માં ઘણી જગહ ખુદા તઆલા એ ઝકાત ના અદા ના કરનાર વાસ્તે ફૌઝે અઝીમ નો – જન્નતનો વાદો કીધો છે. "ફૌઝે અઝીમ એના વાસ્તે જે ઝકાત અદા કરે છે, જે એના રબ ને યાદ કરી ને બંદગી કરે છે." (સુરતુલ આલા : આયત ૧૪-૧૫)

## ઝકાત ની અદાઇગી અને તકસીમ

ઝકાત ની રકમયે ઝમાન માં મૌજૂદ હક્ક ના સાહેબ યાની ઈમામુઝ ઝમાન અને સતર માં દાઈઝ ઝમાન ના હાથ મુબારક પર અરઝ કરે તોજ કબૂલ થાય. સૈયદના કાઝિન નોમાન ફરમાવે છે કે ખુદા તઆલા વો શખ્સ ની ઝકાત કબૂલ નથી કરતા જે હક્ક ના સાહેબ ના સિવા કોઈ બીજા ના નઝદીકઅદા કીધી હોઈ. સદકાની રકમ યા બીજા કોઈ ઇમદાદ ની રકમ ચાહે તે શખ્સ ને આપી શકાઈ મગર ઝકાત ની રકમ ઈમામ ના સતર ના નઝદીક દાઈઝ ઝમાન યા આપયે જે ને રઝા આપી હોઈ એ સાહેબ ને અદા કરે તોજ ઝકાત કબૂલ થાય.

દાઈ પર વાજિબ છે કે રસુલઉલ્લાહ (સ.અ.) ના શેહ્ઝાદા ઈમામુઝ ઝમાન ના નાઈબ તરીકે ઝકાત લે અને એના ઉસૂલ મુતાબિક તકસીમ કરે. ખુદા તઆલા રસુલઉલ્લાહ (સ.અ.) ને કુરાને મજીદ માં હુકુમ ફરમાવે છે ," લોગો ના માલ માં સી ઝકાત લો તાકે એ પાક થાય અને એના હક્ક માં દોઆ કરો. આપની દોઆ એનાવાસ્તે સુકૂન નો સબબ બને છે. ખુદા તઆલા સુનનાર છે અને જાણનાર છે." (સુરતુલ તૌબા : આયત ૧૦૩)

રસુલઉલ્લાહ (સ.અ.) બે ઝાતીશ શરીફ઼ા આપની હઝરત માં ઝકાત અરઝ કરનાર ની ઝકાત કબૂલ ફરમાવતા અને બીજા ગામો માં આપના તરફ સી ઝકાત લેવાને હર સાલ સાહેબોને મોકલતા.

ઝકાતનીઅહમ્મીયતઘણીછે. એમાંસીએકઅહમમક્સદકોમનીખૈરખ્વાહીછે. ઇસ્લામમાંકૌમનીબેહ્બૂદગી અને સખાવત નું ઘણું મહત્વ છે.ઇસ્લામ માં ઝકાત ને ફર્ઝ કરીને કૌમ ના શક્તિવાન લોગોનો માલઝરૂરત મંદોની મદદ ખાતિર વપરાઈ છે.

કુરાન ની એક આયત માં ઝકાત નો માલ આઠ તબક્કા ના લોગો માં તક્સીમ થાય એની ઝિકર છે,"ઝકાત નો માલ ફ઼ોકોરા, મસાકીન, અમલદાર, લોગો ના દિલો જીતવા, ગુલામી સી આઝાદગી, કર્ઝ થી છોડાવા, ખુદાની રાહ માં, મુસાફિર ની મદદ વાસ્તે ખરચો જાય. અલ્લાહતરફ સી આ ફર્ઝ છે, અલ્લાહ અલીમે હકીમ છે." (સુરતુલ તૌબા : આયત ૬૦). આના અલાવા ઝકાત અને બીજા વાજેબાત દાવત ના કામો ને અંજામ દેવાનેજરૂરી છે.

# ઝકાત અને વાજેબાત

**ઝકાતની રકમ ની ગિનતી** ના કાનૂન કુરાને મજીદ, રસુલઉલ્લાહ (સ.અ.) ની સુન્નત અને હદીસ, અમીરુલ મુમીનીન મૌલાના અલી અને ફાતેમી ઇમામો ના બયાનો અને આપ ના અમલ, અનેસતર માં દોઆત ના બયાનો અને અમલ મોઆફિક છે,

જે મિસલ કુરાન માં નમાઝ નું ફરમાન આયુ અને રસુલઉલ્લાહ (સ.અ.) એ બતાયું કે કઈ નમાઝ પઢે, ક્યારે પઢે, કેમ પઢે, (જેમ કે દિન માં પાંચ ફર્ઝ, નહિ કે ૨, યા ૭ કે ૨૦ ફર્ઝ ). એજ મિસલ જ્યારે ઝકાત નું ફરમાન આયુ તો રસુલઉલ્લાહ (સ.અ.) એ મુમીનીન ને બતાયું કે કોના ઉપર કિતનું વાજિબ છે, નમાઝ ના જેમ ઝકાતભીરસુલઉલ્લાહ (સ.અ.) ના ઈર્શાદ મુતાબિક આપે તો જ કબુલ થાઈ, એજ મીસલ ઝકાત ની રકમ કોઈ ની મન માની મુજબ મુકર્રર ન કરાઈ.

ઝકાત ના કાનૂન મુતાલ્લીક દાવત ની કિતાબો માં વિસ્તારથી બયાન આયા છે ખાસ્સતન સૈયદના કાઝિન નોમાનના કિતાબો માં, જે સૈયદના કાઝિન નોમાન ઈમામ મોઈઝ ના કાઝિલ કુઝાત (ચીફ જસ્ટીસ) હતા, એ કિતાબો માં સગલા સી અહમ દઆઇમુલ ઇસ્લામ (જુઝ ૧ – સફા ૨૯૭ – ૩૨૬) છે અને એના સાથે મુખતસરુલ આસાર અને કિતાબુલ હિમ્મા (સફા – ૬૧-૭૬) એ કિતાબો માં ભી ઝિકર છે. સતર ના દોઆતો એ ભી ઝકાત ના બારા માં ઘના સવાલો ના જવાબો બયાન કીધા છે, જેમ ઝમાના ગુઝરે અને આમદતથામિલકત ના તરીકા બદલાઈતેમ હક ના સાહેબો તેના લગતા સવાલો ના ખુલાસાબયાન ફરમાવે છે. સતર ના ઝમાન માં ઝકાત ના બયાનો ખાસ્સતન કિતાબુલ હવાશી, મસાઈલ સૈયદી અમીનજી બિન જલાલ, મજમુઓ મસાઈલુલ ફિકેહ, આ કિતાબો માં મોજુદ છે.

સૈયદના તાહેર સૈફુદ્દીન  એ આપના રસાઈલ માં ઝિકર કીધી છે,અને આપયે જે સવાલો ના મૌખિક જવાબ આપ્યા છે તેની નોંધ છે.

આ ઝમાન માં ઝકાત અને વાજેબાત ના કાનૂન મુતાબિક ઝકાત નો હિસાબ કેમ થાય, એ યહાં ૫૩ માં દાઈલ મુત્લક સૈયદના ખુઝૈમાં કુત્બુદ્દીન(રી.અ.) ની રઝા સી ૧૪૩૬ હી. માં પેશ કરવા માં આયા હતા. આજે સૈયદના કુત્બુદ્દીન (રી.અ.) ના વારિસ ૫૪ માં દાઈ સૈયદના તાહેર ફખરુદ્દીન (ત.ઉ.શ.) ની રઝા સી દુબારા નશર કરવા માં આવે છે. સૈયદના ફખરુદ્દીન (ત.ઉ.શ) અપના દાઈઝ ઝમાન છે, હાદી અને રેહબર છે, રસુલઉલ્લાહ (સ.અ) ની શરીઅત મુતાબિક હિદાયત દે છે, સિરાતે મુસ્તકીમ ની તરફ હિદાયત દે છે, આ મકામ વાસ્તે સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીન (રી.અ.) અને સૈયદના ખુઝૈમાં કુત્બુદ્દીન(રી.અ.) એ આપ ને તૈયાર કીધા છે,

## ઝકાત નો હિસાબ

ઝકાત માલ નો ચાલીસ મો હિસ્સો (૧/૪૦) છે, યાની માલ નો ૨.૫% અદા કરવું જોઈએ. સાલ ની જે આમદ (income) હોઈ તેના પર, અમુક અસ્થાયી મિલકત પર અને એક વાર અસ્થાવાર મિલકત પર. આ રકમ માં સી રેહેણ સહેન નો ખર્ચ કર્યા બાદ જે રકમ બચે એ રકમ "ઝકાત વાજિબ" (ઝકાત પાત્ર) કેહવાય, તેની વિગત નીચે મુજબ છે.

### ૧. સ્થાવર મિલકત (Fixed Assets)

સ્થાવર મિલકતયાનીઝમીન,બિલ્ડીંગ, શેર્સઅનેમશીનરી, વિ. ગિનાઈ.એનાપરઝકાત ફકતએક વાર ખરીદી ની વકત વાજિબ થાય છે, હર સાલ વાજિબ થતી નથી. એ સ્થાવર મિલકત ખરીદવાને તમે જે રકમ વાપરી હોઈ અને એ રકમ પર અગર તમે ઝકાત અરઝ કરી ચુકા હોઈ તો

ખરીદી ની વકત દોબારા ઝકાત ભરવી વાજિબ થતી નથી, સ્થાવર મિલકત વ્હેંચો તે વકત જે નફો નુક્સાન થાય એના પર ઝકાત વાજિબ થાય છે,મિલકત વહેંચી ના હોઈ તો ઝકાત વાજિબ નથી. સ્થાવર મિલકત જે તમે વેપાર વાસ્તે ન વાપરતા હોઈ, જેમ તમારું રેહવાનું મકાન,તેના પર ઝકાત વાજિબ નથી.

### *શેર્સની ઝકાત નો હિસાબ*

ઝકાત ના સંદર્ભ માં શેર્સ સ્થાવર મિલકત માં ગણવા માં આવે છે, સ્થાવર મિલકતના ઝકાત ના કાનૂન મુતાબિક શેર્સ ઉપર ઝકાત ફકતશેર્સ ના ખરીદ કીંમત પર એક વાર વાજિબ થાય છે અને એ રકમ પર અગર તમે ઝકાતઅરઝ કરી ચુકા હોઈ તો શેર્સ ખરીદવાના વકત દુબારા ઝકાતવાજિબ નથી થતી.

શેર્સ વેચવાના વકત જે નફો થાય એના પર ઝકાત વાજિબ છે, શેર્સ ની કીમત વધી હોઈ મગર શેર્સ વેચ્યા ન હોઈ તો હજી ઝકાત વાજિબ નહિ થાતી, વરસ દરમિયાન માં જે શેર્સ વેચ્યા હોઈ એના નફા-નુક્સાન નો સરવાળો કરે – પછી એ સરવાળે નફા પર ઝકાત નો હિસાબ કરી ઝકાત અદા કરે.

### **૨. અસ્થાયી મિલકત** (Liquid Assets)

અસ્થાયી મિલકત યાની નકદ રૂપિયા, બચત, દુકાન યા વેપાર ના માલ ની કીંમત. એના પર ઝકાત અદા કરવું અગર એ માલ ની કીંમત આ સાલ માં એજ રહી હોઈ યા વધી હોઈ. અગર કીંમત ઘટી ગઈ હોઈ તો એના પર ઝકાત વાજિબ નથી.

**૩. આવક**

આવક યાની પગાર, વેપાર માં નફો, ઝમીનયા મકાન ના ભાડા ની આવક, રોકાણ પર આવક, ડીવીડંડ, રોયલ્ટી વગેરેરકમ પર ઝકાત વાજિબ થાય છે,

ઝકાત વાજિબ રકમ આ મુજબ ગીનાઈ:

૧. સ્થાવર મિલકત ની ખરીદી ની કીમત (જે ખરીદ રકમ પર પેહલા ઝકાત ન આપી હોઈ)

સ્થાવર મિલકતો જે વેચી ચુકા હોઈ એનો નફો,

૨. અસ્થાયી મિલકત

૩. આવક

અગરઆવકઅનેઅસ્થાયી મિલકતમાંસીરેહેણ-સેહનનોખર્ચનાનિકલતાહોઈયામુશ્કિલસીપુરા થતા હોઈ તોતેના પર ઝકાત વાજિબ થાતી નથી, મગર બરકત વાસ્તે થોડી રકમ અદા કરવી જોઈએ, રસુલઉલ્લાહ (સ.અ.) ફરમાવે છે કે તમને અગર ફકર આવે તો ઝકાત આપી ને ખુદા સાથે વેપાર કરો (તમારા રીઝ્ક ખરીદવા વાસ્તે).

**કોઈમુમિન ના બીજા કોઈ અમલ માં કુસૂર હોઈ તો ભી તેમુમિન ને ઝકાત અદા કરવા સી રોકી શકાઈ નહિ.**

## બીસરા વાજેબાત

ઝકાત ના અલાવા ખુદા એ બીસરા વાજેબાત ભી ફરઝ કીધા છે, અને રસુલઉલ્લાહ (સ.અ.), મૌલાના અલી (સ.અ.), અપના ઇમામો એ અને અપના દુઆતો એ એનું બયાન કીધું છે, આ વાજેબાત અરઝ કરવા માં

અઝીમ શરફ છે,મુમીનીન આ હુકુકધના ઝિયાદા અરઝ કરે એની હૈસિયત મુતાબિક, દિલ ખોલી ને અરઝ કરે.

## ખુમૂસ

ખુમૂસ ની લફઝી માના પાંચ મો હિસ્સો,આવક નો ( યાની૨૦%,) હર સાલ હક ના સાહેબ ને ઝકાત ના સાથે અરઝ કરે, અલ્લાહતઆલા કુરાને મજીદ માં ખુમૂસ વાજિબ કીધું છે :

وَاعْلَمُوا أَنَّمَا غَنِمْتُم مِّن شَيْءٍ فَأَنَّ لِلَّهِ خُمُسَهُ وَلِلرَّسُولِ وَلِذِي الْقُرْبَىٰ وَالْيَتَامَىٰ وَالْمَسَاكِينِ
وَابْنِ السَّبِيلِ إِن كُنتُمْ آمَنتُم بِاللَّهِ وَمَا أَنزَلْنَا عَلَىٰ عَبْدِنَا يَوْمَ الْفُرْقَانِ يَوْمَ الْتَقَى الْجَمْعَانِ ۗ
وَاللَّهُ عَلَىٰ كُلِّ شَيْءٍ قَدِيرٌ (سورة الانفال: ٤١)

માના : "તમેજાનો કેજે ભી તમને ગનીમત નો માલ મિલે એમાં સી પાંચ મો હિસ્સો (ખુમૂસ) અલ્લાહ વાસ્તે, રસુલઉલ્લાહ (સ.અ.)વાસ્તે, ઝુલ કુરબા વાસ્તે, યતીમ વાસ્તે, મસાકીનવાસ્તે અને મુસાફિર વાસ્તે છે".

સૈયદના કાઝિન નોમાન ફરમાવે છે કે, " ઇમામો(અને દુઆતો) ઝકાત જબરન લે છે... કેમ કે એ ખુદા નો હક છે..., મગર એ સાહેબો લોગો ને પૂરું ખુમૂસ ભરવા પર જબર નહીં કરતા કેમ કે એ એનો પોતાનો હક છે, અનેએને ઈખ્તિયાર છે કે એ જબરન લે યા એમાં છૂટ આપે "(કિતાબુલ હિમ્મા - સફા૬૭)

વાજિબ તો ઘણું છે, જિતનું બની સકે ઇતનું ઝિયાદા સી ઝિયાદા અદા કરે સવાબ ઇતનું ઝિયાદા મિલસે.

ખુમૂસ ની માના અને મક્સદ સૈયદના કાઝિન નોમાન કિતાબુલ હિમ્મા માં આ મિસલ બયાન ફરમાવે છે (સફા – ૬૫-૬૭)

" અલ્લાહ તઆલા એ રસુલઉલ્લાહ (સ.અ.) અને રસુલઉલ્લાહ (સ.અ.) ના એહલે બૈતને – ઇમામો ને અમીન બનાયા, અનેલોગો સી ઝકાત નું લેવું અને તકસીમ કરવું એને સોપું છે. અલ્લાહ તઆલા એ ઇમામો ને ઝકાત નો માલ પોતાના વાસ્તે અને પોતાના કરાબત ના લોગો વાસ્તે વાપરવાનું મના કીધું....

એના બદલે ખુદા એ ઇમામો ના વાસ્તે ખુમૂસ નો હક કીધો.ખુમૂસમુમીનીન પર વાજિબ છે, અને એ આવક પર એકજ વાર વાજિબ થાય છે, ઝકાત ની મિસલ નહીં, જે માલ મિલકત પર હર સાલ વાજિબ થાય છે, ઝકાત ના સાથે મુમીનીન પર ગનીમત ના માલ માં સી ખુમૂસ અદાકરવુંવાજિબ છે જે ઈમામુઝ ઝમાન ને અરઝ કરે (અને ઈમામ ના સતર માં દાઈ ને અરઝ કરે), ગનીમત ફકત જંગ ની ગનીમત ના માલ ને નથી કેહવાતું, બલકે જે કઈ ઇન્સાન કમાઈ તેને ગનીમત ગીનાઈ છે,

જાફર ઉસ-સાદિક ઈમામ ફરમાવે છે : "અલ્લાહ તઆલા એ ઇબાદુલ્લાહમુમીનીન ના માલ મિલકત માં સી હમારા વાસ્તે ખુમૂસ વાજિબ કીધું છે, એ હમારો હક છે, જે કોઈ હમારો હક નહીં આપે, જે કોઈ હમારો હિસ્સો એના માલ માં સી નહીં અરઝ કરે, એને અલ્લાહ તઆલા કોઈ હક યા હિસ્સો નહિ આપે."

## <u>બીસરા વાજેબાત -જેમાં ઈખ્તિયાર છે કે કિતની રકમ અરઝ કરે:</u>

### ઝકાતુલ ફિતર

ફિતરો (ઝકાતુલ ફિતર) : ફિતરો હર શખ્સ પર વાજિબ છે, એને ઇદુલ ફિતર પેહલા અરઝ કરવું વાજિબ છે નહીં તો રોઝા કબુલ થાતા નથી : ફિતર ફોકરા અને મસાકીન પર ભી વાજિબ છે, ઘર ના ધની એના કરાબત ના લોગો તરફ સી અને એના ખાદિમો ના તરફ સી ફિતરો અદા કરે.

રસુલઉલ્લાહ (સ.અ.) ના ઝમાન માં ફિતરો એક કિલોગ્રામ (એક સાઅ) ઘઉંયા જઉં યા તમર યા ઝબીબ યા એના ભાવ મુજબહતો, અઈમ્મત ફતિમિય્યીન એ ફિતરો ની રકમ ચાંદીના ભાવ સાથે જોડી, એકદીરહમ અને એક દીરહમ નોછઠ્ઠો હિસ્સો (૧$^{૧/૬}$– યાની ૩.૪૭૧ ગ્રામ) ખાલિસ ચાંદી, શેહરુલ્લાહ ૧૪૩૭ હી.માં ૩.૪૭૧ ગ્રામ ચાંદી નો ભાવ rupya 135.00 ; U.S. $2.00 ane G.B. 1.36 chhe.

## હક્કુન નફ્સ

કોઈ મુમિન યા મુમેના ગુઝરી જાય તો એના તરફ સી એના કરાબત ના લોગો હક ના સાહેબ ને એના નફ્સ ના સવાબ ના ખાતિર હક્કુન નફ્સ અરઝ કરે,મુમીનીન પોતાના નફ્સ ના સવાબ ખાતિર ભી હક્કુન નફ્સ અરઝ કરી સકે છે, હક્કુન નફ્સ નો હિસાબ ૧૧૯ અદદ ના ગુણાકાર સી થાય છે. (મિસાલ – ૧૧૯x૧૦)

## કફ્ફારતુઝ ઝુનૂબ

ગુનાહો(ઝુનૂબ) ના કફ્ફારત વાસ્તે અરઝ થાય છે, હર સાલ મુખ્તસર રકમ ઝકાત ના સાથે, યા જીવારે વાજિબ થઇ હોઈ તો મુકર્રર રકમ તે ગુનાહ ની કફ્ફારત ખાતિર અરઝ કરે.

## ફરીઝત ના રોઝા ની કફ્ફારત

જે ગયા સાલ શેહરે રમઝાન ના રોઝા ફોત થયા હોઈ - બીમારી, સફરયા બૈરો ના અય્યામ સબબ, તો આ કફ્ફારત ની રકમ હર એક રોઝું જે ફોત થયું હોઈ એના બદલ ૧/૨ કિલોગ્રામ (સાઅ) અનાજ ની કીમત અદા કરે.

**મન્નત**

કોઈ રકમ નઝર યા મન્નત માની હોઈ કોઈ ઉમ્મીદ ની તમામીયત વાસ્તે એને ઝકાત ના સાથે હર સાલ અદા કરે, અનેબીસરા અલાહેદા મવાકે માં અદા કરે.

**નઝરૂલ મકામ**

ઈમામુઝ ઝમાન (અ.સ) ની આ મિન્નત છે, કોઈ ઉમ્મીદ ની તમામીયત ના વાસ્તે, ઝકાત સાથે હર સાલ અદા કરે અને બીસરા અલાહેદા મવાકે માં અદાકરે.

**નજવા**

દાઈ અને મરાતિબ ના સાહેબો નો સલામ છે,જે હર સાલ ઝકાત ના સાથે અરઝ કરે અને અલાહેદા મવાકે મા અરઝ કરે.. અલ્લાહ તઆલા કુરાને મજીદ માં ફરમાવે છે

""يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا إِذَا نَاجَيْتُمُ الرَّسُولَ فَقَدِّمُوا بَيْنَ يَدَيْ نَجْوَاكُمْ صَدَقَةً" (سورة المجادلة: ١٢) .

એમુમીનીન તમે રસુલઉલ્લાહ (સ.અ.) ના નઝદીક આવો તો નજવા અરઝ કરો એ તમારા વાસ્તે ખૈર છે અને પાક છે, મગર તમારા સી ઈમકાન ના થાય તો ખુદા ગફૂર ઉર-રહીમ છે,

એમ ઝિકર આવે છે કે જે વકત આ આયત ઉતરી તો મૌલાના અલી પેહલા સાહેબ હતા જેરસુલઉલ્લાહ (સ.અ.) ને નજવા અરઝ કીધા, આપ રસુલઉલ્લાહ (સ.અ.) ના નઝદીક આયા અને એક દીરહમ અરઝ કીધો, આપ હમેશા એ મિસલ અમલ કરતા રહ્યા, (આ ઝિકર એહલુસ સુન્નત ના

કિતાબો માં ભી છે, મસલન અલવાહિદી ના અસ્બાબુન નુઝૂલ અને અલઅસ્કરી ના કિતાબુલ અવાઈલ) ,

### સિલતુલ ઈમામ(અ.સ.)

સિલત ઈમામુઝ ઝમાન નો સલામ છે કે જે હર સાલ ઝકાત ના સાથે અરઝ કરે અને એજ મિસલ ઈદ માં અને બીસરા મુબારક મીકાતો પર અરઝ કરે.ઈમામમોહમ્મદુલબાકિર સ.અ. ફરમાવે છે, “ એક વરસ ગુઝરી જાય અને કોઈ શખ્સ હમને કમયાઝયાદા રકમ સિલત અરઝ ન કરે તો ખુદા તઆલા એની તરફ કયામત ના દિન નઝર નહીં કરે, સિલત એક ફરીઝત છે, ખુદા તઆલા એ શીઆ ના ઉપર હમારા વાસ્તે કુરાન માં ફરઝ કીધી છે, “ તમને કોઈ બિર નહીં મિલે જહાં લગ જે તમેં પસંદ કરો છો એમાં સી ખરચો નહીં ( સુરતઃ આલે ઇમરાન, આયતઃ ૯૨)” (દઆઇમુલ ઇસ્લામ , જુઝ ૧, સફ્રા ૯૭)

## <u>૧૪૩૭ હી ઝકાત / વાજેબાત ના ફોર્મ તથા વાજેબાત અરઝ કરવા મુતાલ્લીક સુચના</u>

મુમીનીન ની સુહુલિયત ખાતિર અનેહાલાત ને મદ્દે નઝર રાખતા હુવા, મુમીનીન ઝકાત અને વાજેબાત અર્ઝ કરી સકે તે ખાતિર આ મુતાબિક ઇન્તેઝામ કરવા માં આવ્યો છે:

૧. મુમીનીનપોતે આવી ને કદમ બોસી અને વાજેબાત ની બેઠક માંઅર્ઝ કરી શકશે. બેઠક નો પ્રોગ્રામ આઇન્દા એલાન કરવામાં આવશે.

૨. ભારત માં રેહનાર મુમીનીન પોતાના વાજેબાત ના ફોર્મ ૧૪૩૭ હી. ભરીને, તેના સાથે ચેક (ચેક“ANSAAR TRUST” ના નામે લખવું) રજિસ્ટર્ડ

પોસ્ટ મારફત આ એડ્રેસ પર મોકલી શકે છે: દારુસ સકીના, (મધુબન બંગલો), પોખરન રોડનંબર ૧, ઉપવન, થાણે(વેસ્ટ), પીન –૪૦૦૬૦૬. *

3. ભારતબાહર રેહનાર મુમીનીન પોતાના વાજેબાત ના ફોર્મ ૧૪૩૭ હી. ભરીને, તેના સાથે ચેક (ચેક "ANSAAR-E-FATEMI DAWAT INC NFP" ના નામે લખવું) રજિસ્ટર્ડ  પોસ્ટ મારફત આ એડ્રેસ પર મોકલી શકે છે: 10400, REDBRIDGE WAY, BAKERSFIELD, CALIFORNIA 93311. **

૪. બેંક એકાઉંટ માં ડાઈરેકટ રકમ ટ્રાન્સફર કરી ૧૪૩૭ હી નું વાજેબાત નું ફોર્મ ભરી ને આઈ-મેઈલ અડ્રેસ પર મોકલવું:info@fatemidawat.com. ( બેંક એકાઉંટ ની વિગત માટે info@fatemidawat.com પર ઈ મેઈલ કરવું.)

૫. તમારા ક્રેડીટ કાર્ડ અથવા PayPal એકાઉંટ દ્વારા ઓન-લાઈન પેમેન્ટ કરી શકાઈ છે. ૧૪૩૭ હી નું વાજેબાત નું ફોર્મ ભરી ને આઈ-મેઈલ અડ્રેસ પર મોકલવું:info@fatemidawat.com

આપ સગલા નું ઝકાત નું ફોર્મ સૈયદના વ મૌલાના તાહેર ફખરુદ્દીન (ત.ઉ.શ.) ની હઝરત માં અર્ઝ થાસે અને આપ ને રકમ ની રસીદ પોસ્ટ તથા ઈ મેઈલ દ્વારા મોકલવા માં આવશે.

* ANSAAR TRUST મુંબઈ સ્થિત રજી. ચેરીટેબલ ટ્રસ્ટ છે, રજી. નંબર: E 30801 (M).

** Ansaar-E-FatemiDawatInc NFP USA સ્થિત નોન-પ્રોફિટ સંસ્થા છે, ટેક્સ એક્ઝેમ્પ્ટ IRC Sec. 501(c)(3). દ્વારે.

અલ્લાહ તઆલા અપને સગલાં નેઝકાત ના ફરીઝત લઇ ઉઠવાની અનેદાઈલ્લાહીલ અમીનનાઈબે ઈમામિલ મુત્તકીન સૈયદના તાહેર

ફખરુદ્દીન(ત.ઉ.શ.) ની હઝરત માં ફાખીર ખુમૂસ અને વાજેબાત અરઝ કરવાની તૌફિક અને યારી અતા ફરમાવે, બરકાત અને સવાબ એ અઝીમ અતા ફરમાવે.

અલ્લાહ તઆલા આકા મૌલા (ત.ઉ.શ.) ને સેહત અને આફીયત માં તા રોઝે કયામત બાકી રાખે, અને અપને મૌલા ના સાયા એ આતેફત માં રાખે, અને મૌલાના તરફ સી ઈમામી હિદાયત ના લેનાર રાખે.

# ફાતેમી દાવત